**કપડવંજમાં તંત્રની ઘોર બેદરકારી** | ઉત્સાહભેર વૃક્ષારોપણ તો કર્યું, પણ બે મહિનામાં જ પૂરતા પાણીના અભાવે છોડ કરમાવા લાગ્યા

# કપડવંજના નાના રત્નાકર માતા રોડ પર જાળવણીના અભાવે છોડ સુકાવા લાગ્યાં

**માત્ર ફોટો** સેશન પૂરતી જ કામગીરી? વૃક્ષોના નિયમિત ઉછેરની જવાબદારી કોણ સ્વીકારશે?



(પ્રતિનિધિ) કપડવંજ તા.૨૧

કપડવંજ શહેરના નાના રત્નાકર માતા રોડ પર નગર સેવા સદન દ્વારા સરાહનીય આશયથી કરવામાં આવેલું વૃક્ષારોપણ હવે તંત્રની ઉદાસીનતા અને જાળવણીના અભાવે દમ તોડી રહ્યું છે. વૃક્ષારોપણ કર્યાને હજુ માત્ર બે માસનો સમય વિત્યો છે, ત્યાં પૂરતું પાણી ન મળવાને કારણે અનેક છોડ સુકાઈ રહ્યા છે જ્યારે કેટલાક છોડ તો સંપૂર્ણપણે નાશ પામ્યા છે. જાહેર સુવિધા અને હરિયાળીના નામે કરવામાં આવેલો આ સુંદર પ્રયાસ યોગ્ય સંભાળ વગર એળે જઈ રહ્યો હોવાથી સ્થાનિક જાગૃત નાગરિકોમાં પાલિકા વહીવટ સામે ભારે અસંતોષ અને આક્રોશ વ્યાપી ગયો છે.

કપડવંજ નગર સેવા સદન દ્વારા નાના રત્નાકર માતા રોડ ઉપર રાહદારીઓ તથા વડીલોને વિસામો લેવા માટે દર ૨૦૦ મીટરના અંતરે સુવિધાજનક બાંકડાઓની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ પ્રશંસનીય કામગીરી સાથે જ સમગ્ર રસ્તાને હરિયાળો અને સુંદર બનાવવા માટે રોડની સાઈડમાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

જોકે, વૃક્ષો વાવ્યા બાદ તેની નિયમિત જાળવણી કરવાની નૈતિક અને વહીવટી ફરજમાંથી તંત્ર ચ્યુત થયું હોય તેવું ચિત્ર સામે આવ્યું છે. વૃક્ષારોપણના બે મહિના બાદ સ્થિતિ એ છે કે યોગ્ય પિયત અને દેખરેખના અભાવે વાવેલા છોડ મુરઝાઈ રહ્યા છે. સ્થાનિક જાગૃત નાગરિકોએ તંત્રના પદાધિકારીઓ અને સદસ્યો સમક્ષ આકરા સવાલો સાથે માંગ કરી છે કે આ માત્ર કાગળ પરની કે દેખાડાની પ્રવૃત્તિ બનીને ન રહી જવી જોઈએ. જો વાવેલા વૃક્ષોને દર ૧૦ થી ૧૫ દિવસે કાયમી અને નિયમિત રીતે પાણી મળી રહે તેવી ચોક્કસ વ્યવસ્થા ગોઠવવામાં આવે તથા જવાબદાર કર્મચારીઓની નીમણૂક કરીને સતત દેખરેખ રાખવામાં આવે, તો જ આ વાવેલા છોડ ભવિષ્યમાં વટવૃક્ષ બનીને શહેરને શીતળ છાંયડો અને સ્વચ્છ હવા આપી શકશે.

## મહીસાગર જિલ્લા પોલીસ દ્વારા શહીદ વીર જવાનોને ભાવભીની શ્રદ્ધાંજલિ



મહીસાગર જિલ્લા પોલીસ દ્વારા દેશની રક્ષા અને જનસેવા અર્થે સર્વોચ્ચ બલિદાન આપનાર શહીદ વીર જવાનોની યાદમાં વિશેષ શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. લુણાવાડા ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં જિલ્લા પોલીસ અધિક્ષક સફીન હસન સહિત તમામ ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. શહીદ થયેલા વીર જવાનોના અમર બલિદાનને નમન કરીને શસ્ત્ર નમાવીને ગંભીર માહોલમાં 'શોક સલામી' આપવામાં આવી હતી. નાગરિકોની સલામતી કાજે અવિરત ફરજ બજાવતા શહીદ જવાનોની અપ્રતિમ કર્તવ્યનિષ્ઠાને બિરદાવી કોટિ-કોટિ વંદન સાથે શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યા હતા. **તસવીર : ચિંતન પટેલ**

# આણંદમાં જાન્યુ. માસમાં મતદાર યાદી પ્રસિદ્ધ થશે

**આણંદમાં** મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણાનો કાર્યક્રમ જાહેર

(પ્રતિનિધિ) આણંદ તા.૨૧

ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર આણંદ જિલ્લામાં ફોટાવાળી મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણાનો વિગતવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર દ્વારા નવા મતદારોની નોંધણી અને યાદીમાં સુધારા-વધારા કરવા માટે ખાસ આયોજન હાથ ધરાયું છે.

આ જાહેર કરાયેલા સમયપત્રક મુજબ 2જી નવેમ્બર, 2026 સુધીમાં મતદાન મથકોનું રેશનલાઈઝેશન પૂર્ણ કરાશે અને 12મી નવેમ્બરે મુસદ્દા મતદાર યાદી પ્રસિદ્ધ થશે. નાગરિકો 12મી નવેમ્બરથી 11મી ડિસેમ્બર, 2026 સુધી હક-દાવા અને વાંધા અરજીઓ રજૂ કરી શકશે, જેનો નિકાલ 28 ડિસેમ્બર સુધીમાં કરવામાં આવશે. તમામ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ 4થી જાન્યુઆરી, 2027ના રોજ મતદાર યાદીની આખરી પ્રસિદ્ધિ કરાશે.

આ સુધારણા કાર્યક્રમમાં 1 જાન્યુઆરી, 2027ના રોજ 18 વર્ષ પૂર્ણ કરનારા યુવાનો ઉપરાંત 1 એપ્રિલ, 1 જુલાઈ અને 1 ઓક્ટોબર, 2027ના રોજ 18 વર્ષ પૂરા કરનારા ભાવી મતદારો પણ એડવાન્સમાં ફોર્મ-06 ભરી શકશે. નામ કમી કરવા ફોર્મ-07 અને સુધારા કે સ્થળાંતર માટે ફોર્મ-08 ભરવાનું રહેશે. અરજીઓ સત્તાવાર પોર્ટલ (voters.eci.gov.in), વોટર હેલ્પલાઈન એપ અથવા સ્થાનિક BLO મારફતે રૂબરૂ કરી શકાશે.

# વીરપુર સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સેલ કાઉન્ટર મશીનનો અભાવ!

**સીબીસી ટેસ્ટ** માટે દર્દીઓને લુણાવાડા સુધી દોડવા મજબૂર

(પ્રતિનિધિ) વીરપુર તા.૨૧

વીરપુર તાલુકાના મુખ્ય સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સેલ કાઉન્ટર મશીન ઉપલબ્ધ ન હોવાને કારણે સ્થાનિક દર્દીઓને લોહીની જરૂરી તપાસ માટે ભારે મુશ્કેલીઓ વેઠવી પડી રહી છે. તાલુકાના અન્ય ત્રણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં આ મશીન ફાળવવામાં આવ્યું છે, જ્યારે વધુ દર્દીઓની અવરજવર ધરાવતા મુખ્ય CHCમાં જ આ સુવિધાનો અભાવ હોવાથી તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે.




વીરપુર સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે બાયોકેમિસ્ટ્રી એનેલાઈઝર જેવી સુવિધા ઉપલબ્ધ છે, પરંતુ દર્દીઓની પ્રાથમિક તપાસ માટે મહત્ત્વપૂર્ણ ગણાતું સેલ કાઉન્ટર મશીન ન હોવાથી આરોગ્ય સેવાઓ પ્રભાવિત થઈ રહી છે. લોહીમાં લાલ રક્તકણો, શ્વેત રક્તકણો અને પ્લેટલેટ્સની સ્થિતિ જાણવા માટે તબીબી સલાહ મુજબ સીબીસી (કમ્પ્લીટ બ્લડ કાઉન્ટ) ટેસ્ટ કરાવવો જરૂરી હોય છે. સ્થાનિક લેવલે મશીન ન હોવાથી દર્દીઓએ તપાસ માટે લુણાવાડા સુધી જવું પડે છે, જેથી દર્દીઓ પર આર્થિક અને માનસિક બોજ વધે છે. આથી, દર્દીઓને અન્ય સ્થળે ધક્કા ન ખાવા પડે અને સ્થાનિક સ્તરે જ જરૂરી આરોગ્ય સુવિધા મળી રહે તે માટે વીરપુર સીએચસીમાં તાત્કાલિક સેલ કાઉન્ટર મશીન ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી લોકમાગ ઊઠી છે.

સરકાર આરોગ્ય વિભાગ પાછળ કરોડોની ગ્રાન્ટ આપે છે. આમ છતાં યોગ્ય આયોજનના અભાવે પ્રજા હાલાકી ભોગવી રહી છે.

# વેપારીના ખાતામાંથી ૨.૩૩ લાખની સાયબર ઉચાપત

(પ્રતિનિધિ) સંતરામપુર તા.૨૧

મહિસાગર જિલ્લાના સંતરામપુર ખાતે આવેલ 'સારા મેડિકલ સ્ટોર'ના સંચાલકના બેંક ખાતામાંથી અજાણ્યા સાયબર ઠગોએ ઓનલાઈન યુપીઆઈ અને એનઈએફટી મારફતે ૨,૩૩,૦૦૦ ની ઉચાપત કરી લીધાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે સંતરામપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે સાયબર સેલની મદદથી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

સંતરામપુરમાં કોલેજ રોડ પર શ્રદ્ધા હોસ્પિટલ પાસે 'સારા મેડિકલ સ્ટોર' ચલાવતા વેપારી અલ્તાફ અબ્દુલકૈયુમ દાઉદનું બેંક ઓફ બરોડાની સંતરામપુર શાખામાં બચત ખાતું આવેલું છે. ગત તા. ૧૫મી ઓક્ટોબરે તેમણે પોતાની ફોન પે એપ્લિકેશન મારફતે ખાતાનું બેલેન્સ ચેક કરતા તેમાં માત્ર ૯,૨૩૧ બાકી દર્શાવાયા હતા. શંકા જતાં તેમણે બેંકમાં જઈ સ્ટેટમેન્ટ કઢાવતા માલૂમ પડ્યું હતું કે તા. ૧૨ થી ૧૪ ઓક્ટોબર દરમિયાન યુપીઆઈ અને એનઈએફટીના અલગ-અલગ ચાર ટ્રાન્ઝેક્શન્સ દ્વારા ૨.૩૩ લાખની રકમ બારોબાર અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરી લેવામાં આવી હતી.

આમ, પોતે સાયબર ફ્રોડનો ભોગ બન્યા હોવાનો અહેસાસ થતાં વેપારીએ તાત્કાલિક સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી. બાદમાં સંતરામપુર પોલીસ સ્ટેશન ખાતે અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધાવવામાં આવ્યો છે. પોલીસે હાલ સાયબર સેલની મદદ મેળવીને આરોપીઓનું પગેરૂં મેળવવા વધુ તપાસ હાથ ધરી છે.

# આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

## આણંદમાં ૫૦ ફૂટના રાવણના પૂતળાનું આતશબાજી સાથે ભવ્ય દહન કરાયુ

**આણંદ** | આણંદ અરોરા પંજાબી સમાજ દ્વારા એપીએમએસના નાવલી-ખાંધલી સ્થિત પરિસરમાં ૭૧મા વિજયા દશમી મહોત્સવ નિમિત્તે રાવણ દહનનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ અવસરે ૫૦ ફૂટ ઊંચા રાવણના પૂતળાનું નયનરમ્ય આતશબાજી સાથે દહન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સાંસદ મિતેશભાઈ પટેલ, એપીએમએસના સ્થાપક પ્રમુખ બિપીનચંદ્ર પટેલ અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન મયુરભાઈ સુથાર સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. રામાયણના પાત્રો ધરાવતા કલાકારો અને વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ધર્મપ્રેમી જનતાની હાજરી વચ્ચે કાર્યક્રમ ભવ્યતાથી સંપન્ન થયો હતો.



## વીરપુરમાં દશેરા નિમિત્તે ઢોલ-નગારાંના નાદ સાથે રાવણ દહન યોજાયું



**વીરપુર** | વીરપુર ખાતે અધર્મ પર ધર્મના વિજયના પ્રતીક સમાન વિજયાદશમી પર્વની ભવ્ય અને પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી હતી. બજાર નવયુવક મંડળ દ્વારા તૈયાર કરાયેલા રાવણના પૂતળા સાથે ઢોલ-નગારાં અને ડીજેના તાલ વચ્ચે ભાથીજી મંદિરના મેદાન સુધી ભવ્ય સરઘસ કાઢવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભાથીજી મંદિરના મેદાનમાં પરંપરા મુજબ સૌથી ઊંચી બોલી બોલનાર વ્યક્તિ દ્વારા ઉત્સાહભર્યા માહોલમાં રાવણ દહન કરવામાં આવ્યું હતું. સામાજિક સમરસતા અને એકતાના પ્રતીક સમાન આ પર્વે રાખડી વિસર્જનની વિરપુરની વર્ષો જૂની લોકપરંપરા પણ અકબંધ જળવાઈ રહી હતી.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

## આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા સાંખેજ ગામમાં પ્રાકૃતિક ખેતી તાલીમ યોજાઈ



**આણંદ** | આણંદ કૃષિ યુનિવર્સિટી સંલગ્ન ફાર્મ ટેક્નોલોજી ટ્રેનિંગ સેન્ટર, નેનપુર દ્વારા સાંખેજ ગામે પ્રાકૃતિક ખેતી અંગે તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં 33 ખેડૂતોએ ભાગ લીધો હતો, જેમાં ડો. ભરતભાઈ ઠક્કરે પ્રાકૃતિક ખેતીના ફાયદા અને પંચસ્તરીય ખેતી પદ્ધતિ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તાલીમ દરમિયાન ખેડૂતોને ડ્રોન ટેક્નોલોજીની મદદથી પાક પર જીવામૃતના છંટકાવનું પ્રાયોગિક નિદર્શન કરી બતાવવામાં આવ્યું હતું. ડ્રોનથી છંટકાવ કરવાથી સમય, પાણી અને મજૂરી ખર્ચની બચત થવા સાથે પાક પર એકસરખી માત્રામાં જીવામૃત પહોંચે છે તે અંગે માહિતી અપાઈ હતી.

## મોગરીની જ્ઞાનયજ્ઞ વિદ્યાલયના વિદ્યાર્થીઓની રાજ્ય કક્ષાની બેડમિન્ટન સ્પર્ધા માટે પસંદગી

**આણંદ** | આણંદ જિલ્લા રમતગમત સંકુલ ખાતે ખેલ મહાકુંભ ૨૦૨૬-૨૭ અંતર્ગત ૧૫ અને ૧૬ ઓક્ટોબરે અન્ડર-૧૪ જિલ્લા કક્ષા બેડમિન્ટન પ્રતિયોગિતા યોજાઈ હતી. જેમાં મોગરીની જ્ઞાનયજ્ઞ વિદ્યાલયના વિદ્યાર્થી રજત રબારીએ દ્વિતીય તથા શ્રેયા વ્યાસે તૃતીય ક્રમાંક મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. બંને વિદ્યાર્થીઓના ઉત્કૃષ્ટ પ્રદર્શનને ધ્યાને લઈ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા તેમની રાજ્ય કક્ષાની રમતમાં પસંદગી કરવામાં આવી છે. આ સિદ્ધિ બદલ યોગી વિદ્યાપીઠના પૂ. ડો. રતિકાકા અને વિદ્યાલયના આચાર્ય ઊર્જાબહેન પટેલે વિજેતા બાળકોને રાજ્ય કક્ષાએ વિજય માટે આશીર્વાદ અને શુભકામનાઓ પાઠવી હતી.



## આણંદની શિશુવિહાર શાળામાં ગરબા મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરાઇ



**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત શિશુવિહાર, આણંદ ખાતે પાવન પર્વ નવરાત્રિ અંતર્ગત ગરબા મહોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. પરંપરાગત પોશાકમાં સજ્જ થઈને આવેલા નાના ભૂલકાંઓએ મનમૂકીને ગરબાની રમઝટ બોલાવી હતી. આ કાર્યક્રમ દરમિયાન ભૂલકાંઓએ મા અંબાની ભાવપૂર્વક આરતી કરી થાળ ધરાવ્યો હતો. કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઈ પટેલ, મંત્રી કેતનભાઈ પટેલ અને આચાર્ય બેલાબેન પટેલે બાળકોને શુભકામનાઓ પાઠવી હતી.

## આણંદની ડી.એન. હાઈસ્કૂલમાં 'આદિ દેવી મહારુદ્રા મહોત્સવ' અંતર્ગત ગરબા મહોત્સવ ઉજવાયો

**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી દ્વારા આયોજિત 'આદિ દેવી મહારુદ્રા મહોત્સવ'26' ના ભાગરૂપે આણંદ સ્થિત ડી.એન. હાઈસ્કૂલ ખાતે નવરાત્રિ ગરબા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ આદ્ય શક્તિ, રુદ્ર સ્વરૂપા, જય જય કાળી જગદંબા ના મધ્યવર્તી વિચારને અનુલક્ષીને દિવ્ય વાતાવરણમાં યોજાયો હતો. જેમાં ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓએ પરંપરાગત પોશાકમાં સજ્જ થઈ માં આદ્યશક્તિના ગરબે ઝૂમીને સમગ્ર પરિસરને ભક્તિમય બનાવી દીધું હતું. વિદ્યાર્થીઓમાં સંસ્કાર, સંસ્કૃતિ અને માતૃશક્તિની ઉપાસનાનું સિંચન કરવાના હેતુથી યોજાયેલો આ સાંસ્કૃતિક મહોત્સવ શાળા પરિવારના સતત પ્રયાસોથી સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.



## બાકરોલની સ્પેક કોલેજમાં 'ફોરેન એકાઉન્ટિંગ અને ટેક્સેશન' પર એક્સપર્ટ સેશન યોજાયું

**આણંદ** | બાકરોલ સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એડમિનિસ્ટ્રેશન એન્ડ મેનેજમેન્ટ ખાતે બીબીએના વિદ્યાર્થીઓ માટે વિશેષ સેશન યોજાયું હતું. આ સેશનમાં અમદાવાદના મુખ્ય વક્તા નિખિલ ગુપ્તાએ (CA, EA) વિદ્યાર્થીઓને ઇન્ટરનેશનલ એકાઉન્ટિંગ અને ટેક્સેશનના ક્ષેત્રમાં રહેલી કારકિર્દીની તકો અંગે માર્ગદર્શન આપ્યું હતું. આચાર્ય ડો. સુયોગ ઉપાસની અને ફેકલ્ટી ટીમના આયોજન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં BBA સેમેસ્ટર ૩ અને ૫ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલ તથા મેનેજમેન્ટ દ્વારા આ સફળ આયોજન બદલ આયોજક ટીમ અને વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.



## આણંદમાં ચ.મો.સ.પા.સિ.સિ. ફોરમ દ્વારા ઉત્સાહભેર શરદોત્સવની ઉજવણી કરાઈ



**આણંદ** | ચરોતર મોટી સત્તાવીસ પાટીદાર સિનિયર સિટીઝન ફોરમ, આણંદ દ્વારા સંસ્થાના પ્રમુખ ચીમનભાઈ એ. પટેલ, હોદ્દેદારો અને દાતાઓની વિશેષ ઉપસ્થિતિમાં શરદોત્સવ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મંત્રી ભાનુભાઈ પટેલે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરી ફોરમની પ્રવૃત્તિઓની માહિતી આપી હતી અને પ્રમુખે સભ્યોને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે ફોરમના ભાઈ-બહેનોએ ભક્તિભાવપૂર્વક ગરબા રમી માતાજીની આરાધના કરી આરતી ઉતારી હતી. આ સમારંભ દરમિયાન દાતાઓ અને જન્મદિવસ ધરાવતા સભ્યોનું સ્મૃતિભેટ આપી સન્માન કરાયું હતું તથા ભાનુભાઈ પટેલે સંચાલન સાથે આભાર વિધિ કરી હતી.

## કપડવંજમાં આઠમના પાવન પર્વે કંસારા સમાજ દ્વારા કાલિકા માતાના મંદિરે હવન યોજાયો



**કપડવંજ** | કપડવંજ ખાતે નવરાત્રીના પાવન પર્વ નિમિત્તે કંસારા સમાજ દ્વારા દર વર્ષની પરંપરા મુજબ આઠમના દિવસે કાલિકા માતાના મંદિરે ધાર્મિક હવનનું આયોજન કરાયું હતું. વિધિ-વિધાન અને મંત્રોચ્ચાર સાથે યોજાયેલા હવનમાં આહુતિ અર્પણ કરી માતાજીના આશીર્વાદ મેળવવામાં આવ્યા હતા. હવન દરમિયાન સમાજની સુખ-સમૃદ્ધિ, શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. વર્ષોથી જાળવવામાં આવતી આ ધાર્મિક પરંપરાના ભાગરૂપે યોજાયેલા હવનમાં શ્રદ્ધાપૂર્વક માતાજીની આરાધના કરી ભક્તોએ ધન્યતા અનુભવી હતી.

## કપડવંજની વિદ્યાર્થિનીએ ખેલ મહાકુંભની ચેસ સ્પર્ધામાં જિલ્લામાં ત્રીજો ક્રમ મેળવ્યો

**કપડવંજ** | ખેડા જિલ્લા કક્ષાએ યોજાયેલા ખેલ મહાકુંભની ચેસ સ્પર્ધામાં કપડવંજ તાલુકાની મહમદપુરા પ્રાથમિક શાળા (વાર્તાનો વડલો)ની વિદ્યાર્થિની ધ્રુવી પરમારે ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો છે. આ શ્રેષ્ઠ સિદ્ધિ મેળવીને ધ્રુવીએ પોતાની શાળા, ગામ અને સમગ્ર તાલુકાનું ગૌરવ વધાર્યું છે. ધ્રુવી પરમારની આ સફળતા બદલ ખેડા કલેક્ટર તથા જિલ્લા રમતગમત અધિકારી તરફથી તેને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે. જિલ્લા શિક્ષણાધિકારી ડો. પરેશભાઈ વાઘેલા, આચાર્ય ડો. મિનેષ પ્રજાપતિ, નિલેશભાઈ પટેલ અને માર્ગદર્શક શિક્ષક જીગ્નેશભાઈ પટેલે ધ્રુવીને અભિનંદન પાઠવ્યા છે.



## કપડવંજમાં ભક્તિ અને ઉત્સાહપૂર્વક શસ્ત્રપૂજનનો કાર્યક્રમ યોજાયો

**કપડવંજ** | કપડવંજ ખાતે ધાર્મિક પરંપરા મુજબ પાવન પર્વ નિમિત્તે શસ્ત્રપૂજનના વિશેષ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. પરંપરાગત પૂજન: આ પ્રસંગે વિધિવત રીતે શસ્ત્રોનું પૂજન-અર્ચન કરી સંસ્કૃતિ અને આસ્થાની પરંપરાને ધામધૂમથી ઉજવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો, અગ્રણીઓ અને શ્રદ્ધાળુઓ ઉત્સાહભેર સહભાગી થયા હતા. આ સમગ્ર આયોજન ભક્તિમય અને હર્ષોલ્લાસભર્યા વાતાવરણમાં સંપન્ન થતાં નગરમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

